રજુ તારીખ : ૧૭/૧૦/૨૦૧૮
દાખલ તારીખ :૧૭/૧૦/૨૦૧૮
ફેંસલ તારીખ: ૦૮/૦૪/૨૦૨૬
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
07 05 22

## <u>રાપરના મહે.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.જજ સાહેબની કોર્ટમાં, મુકામ–રાપર.</u>

**<u>ફોજદારી કેસ નં. ૬૮૯/૨૦૧૮</u>**
**<u>આંક</u> :-**

**<u>ફરીયાદી</u>:–** સરકારશ્રી,

---- વિરુધ્ધ ----

**<u>આરોપી</u> :–** **હાર્દિકસિંહ બળવંતસિંહ જાડેજા,**
રહે. વિકાસવાડી, તા.રાપર (કચ્છ).

==============================================================
ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી વી. કે. હઠીલા
આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી જી. જી. પુજારા.
==============================================================

**<u>પ્રોહીબીશન એકટ કલમ : ૬૫(ઈ) મુજબ...</u>**

**<u>– :: ઠરાવ :: –</u>**

(૧) ફરિયાદી પક્ષનાં કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામના તહોમતદારએ પોતાના અંગ કબજામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટે અલગ અલગ બ્રાન્ડનો અંગ્રેજી દારૂની બોટલ, કવાટરીયા તથા બીયરના ટીન જેની કુલ કીમત રૂા.૮૦૨૦૦/– નો વેચાણ અર્થે રાખી, પ્રોહીબીશન એકટ કલમ–૬૫(ઈ) મુજબ ગુન્હો કરેલ હોવાથી રાપર પો.સ્ટેશનમાં ગુના રજી.નં. ૫૧૧૧/૨૦૧૮ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે મુજબના ગુન્હાનું ચાર્જશીટ ત.ક.અ. દ્રારા અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૦૭ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ આરોપી સામે આંક–૦૬ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે અને ત્યારબાદ આરોપીનું આંક–૦૭ થી નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) આ કામમાં ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **-:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::-** | | |
|---|---|---|
| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
| ૧. | ફરીયાદી રાયધણભાઈ એલ.રાઠોડની જુબાની | ૨૨ |
| ૨. | ફરીયાદ | ૨૩ |
| ૩. | પંચનામું | ૨૪ |
| ૪. | પંચસાહેદ નિઝામ હુસેન કુંભારની જુબાની | ૨૫ |
| ૫. | પંચસાહેદ-૨ ના મરણનો દાખલો. | ૨૬ |
| ૬. | પોલીસ સાહેદ દીનેશ વેરસી ગોહીલની જુબાની | ૨૭ |
| ૭. | ત.ક.અ.અલ્પેશકુમાર બી.ચૌધરીની જુબાની | ૨૮ |
| ૮. | રવાનગી પત્રક | ૨૯ |

**(૪)** આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાક્ષીઓ એવા પંચોને તપાસ્યા બાદ હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ હોય તથા આરોપીનું વિશેષ નિવેદન લેવા જેવો પુરાવો રેકર્ડ પર આવેલ હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

**(૫)** આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારએ પોતાના અંગ કબજામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટે અલગ અલગ બ્રાન્ડનો અંગ્રેજી દારૂની બોટલ, કવાટરીયા તથા બીયરના ટીન જેની કુલ કીમત રૂ.૮૦૨૦૦/- નો વેચાણ અર્થે રાખી, પ્રોહીબીશન એકટ કલમ-૬૫(ઈ) નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**(૭) મુદ્દા નં. ૧ .**

**(૭.૧)** ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષ ધ્વારા આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે અને જયાં સુધી આરોપી સામેના ગુન્હો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા માટે ફરીયાદપક્ષ તરફથી સકારાત્મક પુરાવો રજુ કરી આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા જોઈએ.

**(૭.૨.)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા આંક–૨૫ થી પંચસાહેદ નિઝામ હુસેન કુંભારને તપાસેલ છે. આ સાહેદએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાય પંચ નામાની હકીકતો સબંધે કંઈ કહેતા નથી. આમ, આ પંચસાહેદએ આંક–૨૬ ના પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૭.૩)** ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી ફરીયાદી રાયધણભાઈ એલ.રાઠોડની જુબાનીમાં તેઓ જણાવે છે કે, અમો સને ૨૦૧૮ ની સાલમાં પો.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તારીખ ૪/૭/૨૦૧૮ના રોજ અમો તથા સ્ટાફના માણસો પો.સ્ટે.માં હાજર હતા ત્યારે અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે હાર્દિકસિહ બળવંતસિહ જાડેજા રહે વિકાસવાડી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર ઈંગ્લીશ દારૂનુ વેચાણ કરે છે તેના રહેણાંકના મકાના પાછળના ભાગે છુપાવી રાખેલ છે તેવી બાતમીના આધારે નજીકમાંથી બે પંચો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી તે અંગેનુ કલાક ૧૮–૫૦ થી ૧૯–૦૦ વાગ્યાનુ પ્રાથમિક પંચનામુ કરી અમો પંચો તથા પોલીસ સ્ટાફ સાથે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં મેકડોલ્સ ની ૭૫૦ એુમ.એલ.ની કાચની કંપની શીલબંધ હાલતમાં બોટલ નંગ–૮૦ કિ. રૂા.૨૮૦૦૦/– તથા રોયલ ચેલેન્જ કલાસીકની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ હાલતમાં બોટલ નંગ–૩૬ કિ. રૂા.૧૨૬૦૦/– તથા બ્લુ મુન ડ્રાઈજીન વ્હીસ્કી ની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ હાલતમાં બોટલ નં ગ–૩૬ કિ. રૂા.૧૨૬૦૦/– તથા પાર્ટી સ્પે. વ્હીસ્કી ની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ હાલતમાં બોટલ નંગ–૩૬ કિ. રૂા.૧૨૬૦૦/– તથા હેવર્ડ લોગ બીયરના ટીન નંગ–૧ ૪૪ કિ. રૂા.૧૪૪૦૦/– મળી આવેલ જેમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબ્જે લઈ બાકીના બોટલની કિમત રૂા.૮૦૨૦૦/– ગણી પંચનામાની વિગતે કબ્જે લીધેલ.તે અંગેનુ પંચનામુ અમોએ કરેલ મને પંચનામાની પ્રમાણીત નકલ બતાવવામાં આવે છે તેમાં રૂબરૂ તરીકે મારી સહી છુે જે હુ ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક– ૨૩** આપવામાં આવે છે. અમોએ શ્રીસરકાર તરફે સદર આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી મને આજરોજ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક–૨૪** આપવામાં આવે છે. આરોપીને હું ઓળખું છું જે આજરોજ કોર્ટમાં હાજર નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે રેઈડ વાળુ મકાનના આધાર પુરાવા અમોએ કબ્જે કરેલા નથી કે ફરીયાદ આપતાં અમોએ જોયેલ નથી. એ વાત ખરી છે કે જે મુદામાલ મળી આવેલ તે ખુલ્લા વાડામાંથી મળી

આવેલ છે. એ વાત ખરી છે કે આ ખુલલા વાડાની આજુબાજુ ઘણા માણસોની અવરજવર થતી હોય છે. એ વાત ખરી છે કે આરોપીઓના સ્વતંત્ર કબ્જામાંથી આવો કોઈ પ્રોહી મુદામાલ મળી આવેલ નથી.

(૭.૪) ફરીયાદપક્ષે આંક–૨૭ થી પોલીસ સાહેદ દીનેશ વેરસી ગોહીલની જુબાનીમાં તેઓ જણાવે છે કે, અમો સને ૨૦૧૮ ની સાલમાં એ.એસ.આઇ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તારીખ ૪/૭/૨૦૧૮ના રોજ અમો તથા સ્ટાફના માણસો પો.સ્ટે.માં હાજર હતા ત્યારે અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે હાર્દિકસિહ બળવંતસિહ જાડેજા રહે વિકાસવાડી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર ઈંગ્લીશ દારૂનુ વેચાણ કરે છે તેના રહેણાંકના મકાના પાછળના ભાગે છુપાવી રાખેલ છે તેવી બાતમીના આધારે નજીકમાંથી બે પંચો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી તે અંગેનુ કલાક ૧૮–૫૦ થી ૧૯–૦૦ વાગ્યાનુ પ્રાથમિક પંચનામુ કરી અમો પંચો તથા પોલીસ સ્ટાફ સાથે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં મેકડોલ્સ ની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ હાલતમાં બોટલ નંગ–૮૦ કિ. રૂા.૨૮૦૦૦/– તથા રોયલ ચેલેન્જ કલાસીકની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ હાલતમાં બોટલ નંગ–૩૬ કિ. રૂા.૧૨૬૦૦/– તથા બ્લુ મુન ડ્રાઈજીન વ્હીસ્કી ની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ હાલતમાં બોટલ નંગ–૩૬ કિ. રૂા.૧૨૬૦૦/– તથા પાર્ટી સ્પે. વ્હીસ્કી ની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ હાલતમાં બોટલ નંગ–૩૬ કિ. રૂા.૧૨૬૦૦/– તથા હેવર્ડ લોગ બીયરના ટીન નંગ–૧૪૪ કિ. રૂા.૧૪૪૦૦/– મળી આવેલ જેમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબ્જે લઈ બાકીના બોટલની કિમત રૂા.૮૦૨૦૦/– ગણી પંચનામાની વિગતે કબ્જે લીધેલ.તે અંગેનુ પંચનામુ પી.આઈ.શ્રી આર.એલ. રાઠોડ સાહેબનાઓએ કરેલ અને ત.ક.અમલદારે મારુ નીવેદન લીધેલ. આરોપીને હું ઓળખું છું જે આજરોજ કોર્ટમાં હાજર નથી

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે રેઈડ વાળુ મકાનના આધાર પુરાવા અમોએ કબ્જે કરેલા નથી કે ફરીયાદ આપતાં અમોએ જોયેલ નથી. એ વાત ખરી છે કે જે મુદામાલ મળી આવેલ તે ખુલ્લા વાડામાંથી મળી આવેલ છે. એ વાત ખરી છે કે આ ખુલલા વાડાની આજુબાજુ ઘણા માણસોની અવરજવર થતી હોય છે. એ વાત ખરી છે કે આરોપીઓના સ્વતંત્ર કબ્જામાંથી આવો કોઈ પ્રોહી મુદામાલ મળી આવેલ નથી.

(૭.૫) ફરીયાદપક્ષે આંક–૨૮ થી ત.ક.અ.અલ્પેશકુમાર બી.ચૌધરીની જુબાનીમાં તેઓ જણાવે છે કે, સને ૨૦૧૮ની સાલમાં હુ રાપર પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ તરીકે મારી ફરજ બજાવતો હતો ત્યારે રાપર પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં. ૫૧૧૧/૧૮ થી પ્રોહી એકટ ક.૬૫(ઈ)મુજબના ગુનાની તપાસ પી.એસ.ઓ. તરફથી અમોને સોપતા તપાસ અમોએ સંભાળી લીધેલ અને ફરીયાદ હકીકતથી વાકેફ થઈ લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલ. અને આ કામે આરોપીને અટક કરવા પુરતા પુરાવા જણાઈ આવતા આરોપીની અટક કરેલ અને આરોપીના ચહેરાનીશાન પત્રક ભરી સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં રજુ કરેલ.જે તે વખતે સેમ્પલ અર્થે કબ્જે લીધેલ મુદામાલના એફ.એસ.એલ.પુથ્થકરણ માટે મોકલેલ જે રવાનગી પત્રક તથા સતા અંગેનુ પ્રમાણપત્ર મને બતાવવામાં આવે છે તે તે જ છે જેને રજુ દાખલ આંક ૨૯ આપવામાં આવે છે. અને આ કામનો એફ.એસ.એલ. રીપોર્ટ આવ્યેથી તપાસના કામે સામેલ રાખવા નોધ રાખેલ અને આરોપી વિરુધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા જણાઈ આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને હુ ઓળખુ છુ.જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે આરોપીના ઓળખ અંગેના આધારો તપાસના કામે કબ્જે કરેલ નથી.એ વાત ખરી છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે હાલના આરોપી પાસેથી કોઈ મુદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.મા મુદામાલ કોની જોડે મોકલાવેલ તેનુ નીવેદન લીધેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જે તે વખતના ત.ક.અ.શ્રીએ એફ.એસ.એલ. રવાનગી પત્રક સાથે મુદામાલ મોકલેલ જેથી નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે મારુ રુબરુ મુદામાલનુ કોઈ પૃથ્થકરણ થયેલ નથી.એ વાત ખરી છે કે રેડમાં હુ સાથે ન હતો. એ વાત ખરી છે કે મારી રુબરુ સ્થાનીક જગ્યાનુ પંચનામુ કરવામાં આવેલ નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે તેઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામના આરોપી પાસેથી પોલીસ પંચો રૂબરૂ પ્રોહી મુદ્દમાલ કબજે કરેલ છે. ફરીયાદપક્ષના કેસને પંચો સમર્થન ન આપતા હોય આમ, છતાં પોલીસ સાહેદને ન માનવા માટેનું કોઈ દેખીતું કારણ નથી. જેથી આરોપીને નવા પ્રોહીબીશન એકટ મુજબ ૩ વર્ષની કેદની સજા થવી જોઈએ. આ કામના આરોપીના વિ.વ.શ્રી તેઓની દલીલમાં જણાવે છે કે, આરોપી તદ્દન નિર્દોષ છે. તેઓ સામેના જે આક્ષેપ થયેલ છે તે પ્રકાર

નો કોઈ ગુનો આરોપીએ કરેલ નથી. આરોપીને ગુનાના કામે તદ્દન ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં આરોપી સામે જે કલમો હેઠળ તહોમતનામુ મુકવામાં આવેલ છે તે કલમોના કોઈ આવશ્યક તત્વો પુરવાર થતા નથી. તપાસ કરનાર અધિકારીએ આ કામે તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચોએ ફરીયાદપક્ષના કેસને મદદ કરેલ નથી. તે તમામ સંજોગોમાં આરોપીને ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આમ, સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ પક્ષના કેસ મુજબ તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબની તારીખ અને સમયે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આરોપી પાસેથી વિના પાસ પરમીટનો પ્રોહી મુદ્દામાલ મળી આવતાં આરોપીઓ સામે ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૫ ઈ મુજબ હાલનો કેસ દાખલ કરેલ છે.

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીના કબજામાંથી તેઓએ પંચો રૂબરૂ પ્રોહી મુદ્દામાલ કબજે કરેલ છે. આ સમગ્ર કેસની હકીકતો જોતાં ફરીયાદપક્ષ ઘ્વારા આ કામે ફકત પોલીસ સાહેદો જ તપાસેલાં છે. જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવવાળું સ્થળ જાહેર વિસ્તાર હતો અને ત્યાં ઘણાં બધા માણસો રહેતા હતાં તો ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવા સ્વતંત્ર સાહેદોને તપાસી શકયુ હોત. તેટલુ જ નહી પણ ફરીયાદપક્ષના કેસ મુજબ જે પંચની રૂબરૂમાં આરોપી પાસેથી જે પ્રોહી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે પંચોની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેઓ પંચનામાની કોઈ વિગત તેઓ જાણતા નથી અને તેઓએ ફકત તૈયાર પંચનામામાં પોલીસના કહેવાથી સહી કરેલ હતી. આમ, આ પંચ ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન આપતા નથી. તે જ રીતે પ્રોસીકયુશનના કોઈ સાહેદ ઘ્વારા આરોપીઓ પાસેથી પકડાયેલ બોટલ ઉપર તેના ઉત્પાદકનુ અસલ લેબલ હતુ તેવુ પણ કોઈ કથન કરેલ નથી કે ઈંગ્લીશ દારૂની બોટલ ઉપરનુ લેબલ અસલ છે કે નહી તે બાબતે ઈંગ્લીશ દારૂની બોટલ ઉપર જણાવેલ ઉત્પાદકનું નિવેદન લીધેલ નથી. વધુમાં આ કામે જે જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યો છે તે જગ્યાના માલિકીના પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આ કામે કોઈ પોલીસ સ્ટાફના માણસો સિવાય અન્ય કોઈ સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી પાસેથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ હોવાનું સાબીત થતુ નથી.

આમ, ફરીયાદપક્ષના કેસ મુજબનો કોઈ ગુનો સાબીત થતો ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

:: **હુકમ** ::

(૧) આ કામના આરોપી **હાર્દિકસિંહ બળવંતસિંહ જાડેજા,** રહે. વિકાસવાડી, તા.રાપર (કચ્છ) નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટ કલમ–૬૫(ઈ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ વાહન/મોબાઈલ અંગે જો વચગાળાની કસ્ટડી અંગે કોઈ હુકમ થયેલ હોય તો કાયમ કરવો અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો માલીકીની ખરાઈ કરી પરત કરવો.

(૪) મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૪/૨૦૨૬
મુ.રાપર

**(કુલદીપ મુકેશકુમાર ગઢવી)**
જયુડી.મેજી.ફ.ક., રાપર.
જજ કોડ જીજે૦૧૫૫૫